૭૮૬

રોજા રાખનાર માટે (૨) બે ખુશી છે.

૧ લી ખુશાલી રોજો ખોલવાની વખતે છે, અને બીજી
ખુશાલી ખુદાના દિદારની વખતે થશે.

ફરહતુસ્સાએમીન

અથવા

રોજદારની ખુશાલી.

મૂળ ઉર્દુ ઉપરથી ભાષાંત્તર કરી પ્રગટ કર્તા.
મોહંમદ સઇદ બીન હાફેજ સાજેદ.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું:-નગીના લેન મુ૦ રાંદેર, જીલ્લા-સુરત.

રમજાન ૧૩૩૪ હીજરી   જુલાઈ ૧૯૧૬ ઇસ્વી.

મોલવી અબદુલકાદેર નુરમોહંમદ તરફથી
ભેટ.

આવૃત્તિ ૨ જી   પ્રત ૧૦૦૦

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "રાંદેર" પ્રિન્ટીંગ પ્રેસમાં
રતિલાલ દુર્લભદાસે છાપી

આ કિતાબને શરૂથી છેવટ સુધી વાંચવી એજ એની કિંમત છે.
બહારગામવાળાઓને પોષ્ટ ખર્ચ લઇ મફત મોકલવામાં આવશે.

પ્રસ્તાવના.

ખુદાના નામથી જે મોટો મહેરબાન રહમ કર્તા.

અલ્લાહ તાઆલાની હજારો હજાર સ્તુતિ તથા ઉપકાર છે કે જેણે અમારા ઈમાનની રોષની વધારવા તરેહ તરેહના માર્ગ બનાવ્યા કે તે ઉપર ચાલવું તે ઇમાનને ખીલવવું છે. અને ન ચાલવું તે ઈમાનને મુરઝાવું છે. અને હજારો હજાર દરૂદ તથા સલામ તેના હબીબ મોહંમદ (સલ) માટે છે. કે તેમણે તે માર્ગોને ખુલ્લા કર્યા. અને તરેહ તરેહના બયાનથી સર્વને ખબરદાર કર્યા. તથા તેમની આલ અસહાબે અને સર્વ મુસલમાનો માટે છે.

એ પછી મોહંમદ સઈદ બિન હાફેજ સાજેદ અરજ કરે છે કે ખુદાપાકના કરમો ફજલથી મારા દિલમાં આવ્યું કે કોઇ રોઝાની અલગ કિતાબનો ગુજરાતી જબાનમાં તરજુમો શરૂ કરૂં કેમકે તે ઇસલામના રૂકુનોમાંથી એક મોટું રૂકુન છે. અને ખુદાપાકે બીજી બંદગીઓને માટે સવાબની એક હદ નિયમ ફરમાવી છે. પણ રોઝાના સવાબ માટે ફરમાવ્યું છે કે હુ પોતે જેટલો સવાબ માગીશ તેટલો બે હિસાબ આપીશ. અને જયારે એવો રહીમ કરીમ પોતે બે હિસાબ આપશે તો લેનાર માલામાલ થશે. તેમ છતાં ગુજરાતીમાં કોઈ ખુલાસાવાર રોઝાની કિતાબ થયલી નથી. એટલાજ માટે મેં ફરહતુ રસાએમિન નામનો આ એક નાનો રિસાલો ઉર્દુમાં મૌલાના ફકિર સૈયદ અસગર હુશેન હસની હનફી દેવબંદી રહેનાર ઇટાલા જોનપૂરનાનો રચેલો છે. તેનો તરજુમો ગુજરાતી ચાલુ જબાનમાં કર્યો છે. અને તેનું તેજ નામ રહેવા દીધું છે.

આ કિતાબને ઘણી સહેલ કરી છે. અને એના લખાણમાં જો કાંઇ ભુલ ચૂક હોય તો તેને લિલાહ સુધારે. એનો બદલો ખુદાપાક સારો આપશે. અને અલ્લાહ પાક નૈયતના પ્રમાણમાં મૂળકર્તાને તેમ મને તથા મારા મા બાપને તેમ મારી ઓલાદને અને સુધારનારને તથા છપાવનારને અને વાંચનારને તથા મારા ઇસલામી ભાઇઓને ભલો બદલો બેઉ જહાનમાં આપે. અને અલ્લાહ પાક નેકી આપનારો અને મદદગાર છે. અને તે સારો વકીલ ગુનાહોથી બચવવા ઉપર અને નેકી કરવા ઉપર છે. તે મને બસ છે.

અલ્લાહ તાઆલા ફરમાવે છે.

ઓ ઈમાનવાળાઓ રોજા તમારાપર ફરજ થયા. જેમકે તમારા આગલાઓપર ફરજ થયા છે. જેથી તમે ગુનાહોથી બચશો.

ખુદાના નામથી જે મોટો મહેરબાન રહમ કર્તા.

સ્તુતિ તે સાહેબ બુજરૂગ બે મિસલ જાત માટે છે કે જેણે પોતાની હિકમતથી રમજાન મુબારકને નિયમ કરી અમો અદના ગુનેહગાર બંદાઓને માટે રહમત તથા મગફિરતનો સામાન કર્યો. અને દરૂદ તથા સલામ જહાનના સરદાર બુજરૂગ રસુલુલ્લાહ (સલ) માટે છે. અને તેમની ઓલાદ તથા દોસ્તો માટે કે જેઓએ અમને ખુદાના તરફથી રોજાના હુકમ સંભળાવ્યા. અને સીધા માર્ગો બતાવ્યા. તે પછી અરજ છે કે રમજાનના મસલાઓના સંબંધમાં કેટલાક રિસાલા ઉર્દુના આથી પહેલા લખાયલા છે. તો પણ ઘણા ખરા મસલાઓ તેમાં ખુલાસાવાર લખાયલા નથી, જેથી સાધારણ લોકોને કઠણ પડે છે. તેથી કમતરીને હદીસ અને ફિકાહની ખરી કિતાબોથી ટુંકાણમાં મસલાઓને એકઠા કરી ખુદાતાઆલાના ફજલથી રજબ માસ સને ૧૩૨૨ હીજરીમાં એવા સીધા, સાદા લખાણ અને સાધારણ સમજવાળાઓની સમજમાં આવે તેવી રીતથી લખ્યા છે. કે સર્વ મુસલમાનોને ફાયદા કારક થાય. ખુદાતાઆલા એને કબુલ કરે અને અમારે માટે એને નજાતનું કારણ બનાવે. આમીન.

રમજાન તથા રોજાની બુજરૂગી અને તેના ફરજનું બયાન.

રમજાનમાં ખુદા તાઆલાની રહમત ખાસ રીતે મુસલમાનો તરફ ઉતરે છે. અને જંનતના દરવાજા ખોલાય છે, અને જહંનમના દરવાજા બંધ કરાય છે, એવો મુબારક માસ છે કે જેમાં ઘણાખરા આસમાની પુસ્તકો ઉતર્યાં છે. જેમકે હજરત ઇબ્રાહીમ (અલ) ને સહીફા (નાની કિતાબો) એજ માસની તારીખ ૩જી ના દેવાયા છે. હજરત દાઉદ (અલ) ને જબુર એજ માસની તારીખ ૧૮મીના અપાય છે. હજરત મુસા (અલ) ને તોરાત પણ તારીખ ૬ ઠ્ઠી રમજાને મળી છે. હજરત ઇસા (અલ) પર ઇંજીલ પણ ૧૩મી રમજાને ઉતરી છે. અને મુસલમાનોની બધાથી મોટી ન્યામત એટલે કુરાન પણ એજ માસમાં લૌહે મહફુઝથી પહેલાં આસમાનપર ઉતર્યું છે. અને તે પછી જેમ જેમ જરૂરત પડતી ગઈ તેમ તેમ ધીમે ધીમે ૨૩ બરસ સુધી રસુલે મકબુલ (સલ) ને દેવાતું રહ્યું. એ માસમાં ઘણાખરા સેતાનો કેદ થાય છે. જેનું જાહેર અસર એ છે કે એ માસમાં ગુનાહ ઘણાજ ઓછા થાય છે. ખાસ કરી રમજાનના આખરના દિવસોમાં ઘણાજ ઓછા હોય છે. એ એક એવી વાત છે કે કોઇપર છાની નથી. સદકાઓ અને ખેરાતોનો સવાબ એ માસમાં દસ્તુરથી સેંકડો દરજ્જા વધુ મળે છે. રોજા રમજાનના રાખવા ઈસલામનું ત્રીજુ ફરજ છે. જે તેનો નકાર કરે છે તે મુસલમાન રહેતો નથી. અને જે માણુસ એ ફરજને મૂકી દે તે મોટો ગુનહેગાર અને ફાસેક ગણાય છે. ખુદા તાઆલાએ એ રોજામાં બેહદ હિકમતો રાખી છે. સાંધાઓ સુસ્ત થાય છે. તો નફસની તેજી જતી રહે છે. અને હરામના તરફ ચાહવટ ઘણી ઓછી થાય છે. જ્યારે સાંધાઓમાં સફાઈ આવે છે ત્યારે દીલપણ સાફ થાય છે. ગરીબ તથા મિસકીન લોકોની હાલતનો સુમાર થાય છે. અને તેઓપર રહમ આવે છે. દરેક ચીજને માટે તેના મુનાસેબ જકાત તથા પાકીનો સામાન થાય છે. બદનની જકાત

અને પાકીને માટે ખુદા તાઆલાએ રોજાને મુકરરર કર્યો છે. જ્યારે રોજામાં જાનપર ઘણી તકલીફ થાય છે. એટલાજ માટે ખુદા તાઆલાએ તેનો સવાબ પણ બેહદ નિયમ કર્યો છે. બીજી બંદગીઓના સવાબની એકહદ મુકરરર કરી છે. પણ રોજાના સવાબને માટે ફરમાવ્યું છે કે હું પોતે બેહિસાબ જેટલો સવાબ માગીશ તેટલો આપીશ. અને જ્યારે એવો રહીમ અને કરીમ પોતે બેહિસાબ આપશે તો લેનાર માલામાલ થશે. એ ઉપર સર્વ સ્તુતિ અલ્લાહ માટે છે.

રોજામાં નૈયતની જરૂરતનું બયાન.

રોજાને માટે નૈયત સરત છે, (નૈયત, દીલના ઇરાદાને કહે છે) જો રોજાનો ઇરાદો કર્યો નથી અને બધો દિવસ કાંઇ ખાધું પીધું નથી તો રોજો થશે નહિ. રમજાન (તથા નફિલ) રોજાઓની નૈયત અર્ધા દિવસ સુધી કરી શકે છે. નજરે મોઅઇયન (અમુક દિવસ)ના રોજાની નૈયત પણ અર્ધા દિવસ સુધી થઇ શકે છે. દાખલા તરીકે એમ કહે કે આજ અઠવાડીઆમાં ગુરૂવાર આવશે તેમાં ખુદાને માટે રોજો રાખીશ. અને અર્ધા દિવસની આ મતલબ છે કે સુબોહ સાદેક (પોહ ફાટવા)થી સૂર્ય ડુબતા સુધી જેટલો વખત હોય તેમાંનો અર્ધો વખત સુધી નૈયત કરી શકે છે એટલે દશ અગીઆર વાગતા સુધી. તે પછી નૈયત કરવાનો ભરોશો નથી. કજા રોજા તથા કફારાના રોજા અને નજરે ગેર મોઅઇયન (ઠરાવ્યા વગરના દિવસો)ના રોજાની નૈયત તો રાતની કરવી જરૂરી છે. જો રાતની નૈયત કરશે નહિ તો રોજો થશે નહિ, જબાનથી નૈયત કરવી જરૂરી નથી. પણ જો જોઇએ તો સેહેરીનું ખાણું ખાઇને એવી રીતે નૈયત કરે. "બે સવમે ગદિન નવે તો મિન સહરે રમદાન" રમજાનમાં નફિલ વગેરે રોજાની જો કોઇ નૈયત કરે તો ખરામત પ્રમાણે રમજાનનાજ રોજા અદા થશે નફિલ રોજા વિગેરે થશે નહિ

જેનાથી રોજા તૂટતા નથી તેનું બયાન.

ભૂલમાં ખાવા પીવાથી રોજો તૂટતો નથી:—રોજો યાદ ન રહ્યો અને સોહબત (સંભોગ) કરે તો રોજો તૂટતો નથી. વગર અખત્યારે ગળામાં ધુમાડો કે ગર્દ ગુબાર (હવામાં ઉડતી ધુળ) અથવા માખ, મચ્છર વિગેરે જવાથી રોજો તુટતો નથી. આટો દળનાર તથા તમાકુ વિગેરે કુટનાર ના ગળામાં જે આટો વિગેરે ઉડી ભરાઇ જાય છે. તેથી કાંઇ રોજો તુટતો નથી કાનમાં પાણી જાય કે પોતે જાણી જોઇને કાનમાં પાણી નાંખે અથવા અપસની મેળે ઉલટી આવે કે ઉંઘમાં નાહવાની હાજત (એહતેલામ) થાય અથવા ઉલટી આવી અપસની મેળે પાછી ગળી જવાય એ બધી વાતોથી રોજો જતો નથી. અને કાંઇ એમાં નુકશાન આવતું નથી. આંખમાં દવા નાંખવાથી રોજો જતો નથી. ખુશબો સુંઘવાથી કાંઇ રોજાને હરકત આવતી નથી બલગમ માથાથી ઉતર્યો તેને ગળી જવાથી રોજો તુટતો નથી. થોડીક ઉલટી (ભરમોંથી ઓછી) જો જાણી જોઇને પણ કરે તો રોજો જતો નથી (એજ વાત ખરી છે.) થોડીક ઉલટી આવી અને તેને જાણી જોઇને પાછી ગળી ગયા તો રોજો જતો નથી. ધાગાને એક બાજુથી પકડી બીજી બાજુથી ગળી જાય અને પછી ખેંચી લે તો રોજો તુટતો નથી. જો કોઇ માણસ રોજામાં ભુલીને ખાતો પીતો હોય અને જો તે સારો મજબુત છે અને બીમાર નથી તો તેને યાદ દેવડાવવું બેહેતર છે. અને જો તે કમજોર હોય તો યાદ દેવડાવવું જોઇએ નહિ. જો તલ કે ખસખસનો દાણો ચાવ્યો હોય તો રોજો જતો નથી. કેમકે તે મોંઢામાંજ રહે છે. ગળામાં પહોંચી શકતો નથી. જો નાહવાની હાજતમાં

સવાર થઇ જાય કે સુર્ય નીકળી આવે તો રોજો તુટતો નથી. જો દાંતોમાંથી લોહી નીકળે પણ ગળામાં નહિ ગયું હોય તો રોજામાં કાંઇ હરકત નથી.

જેનાથી રોજો જતો રહે છે. અને માત્ર કજા વાજેબ થાય છે. કફારો (દંડ) લાગુ પડતો નથી. તેનું બયાન.

કાનમાં તથા નાકમાં દવા નાંખવી. જાણી જોઇને મોં ભરી ઉલટી કરવી, હુકના (પછના લગાડવા) કરવું, મોં ભરીને ઉલટી આવી હોય તેને પાછી ગળી જવી, કોગળો કરતાં ગળામાં પાણીનું ઉતરી પડવું, એ બધી વસ્તુઓ રોજાને તોડનાર છે. પણ માત્ર કજા આવશે કફ્ફારો નહિ.

ઓરતને હાથ લગાડવાથી ઇંનઝાલ (મની ટપકે) થાય અથવા ચુંબન (ચુમો) લેવાથી ઇનઝાલ થાય છે તો રોજો જતો રહે છે, પણ કજા વાજેબ થાય છે. કાંકરી અથવા લોખંડ અથવા ત્રાણું વિગેરેના ટુકડા અથવા કાચા ઘઉં વિગેરે દાણા ગળી જવાથી રોજો તૂટી જશે અને માત્ર કજા આવશે. હાથથી પિશાબની જગ્યાને (ગુપ્ત ઇંદ્રિય) પકડી તેમાંથી મની કાઢવું હરામ છે. જો રોજામાં એવું કરવામાં આવશે તો રોજો જતો રહેશે. માત્ર કજા વાજેબ થશે. હુકો પીવાથી રોજો જશે. તલ અથવા ખસખસ વિગેરેના દાણાને આખા ગળી જવાથી પણ રોજો જાય છે. જો કોઇ જાલિમે મારી નાખવાની અથવા ઘણો માર મારવાની બીક બતાવી, અથવા જબરાઇથી મોં ખુલ્લું કરી ખવડાવ્યુ પીવડાવ્યું તો રોજો જાય છે. જો કોઇએ ભુલીને ખાધું પીધું અને સમજ્યા કે રોજો તૂટી ગયો હશે પછી જાણી જોઇને ખાધું તો રોજો ગયો અને કજા વાજેબ થઇ. રાત સમજીને સુબોહ સાદેક પછી સહેરી ખાધી તો કજા વાજેબ થઈ. જો કોઇ ઓરત સાથે જબરીઆ સંભોગ થાય તો તે ઓરત પર માત્ર કજા વાજેબ થશે. જો ઉંઘમાં કોઇએ મોમાં પાણી નાંખ્યું તો માત્ર કજા વાજેબ થશે. દિવસ બાકી હતો પણ ભુલથી સૂર્ય ડુબી ગયલો જાણ્યો અને જો રોજો ખોલ્યો તો માત્ર કજા વાજેબ થશે. એ બધા રૂપમાં કફ્ફારો વાજેબ થશે નહિ.

"જેનાથી રોજો તૂટે છે, કજા વાજેબ થાય છે, અને કફારો પણ લાગુ પડે છે તેનું બયાન."

જાણી જોઇને વગર ભુલથી સંભોગ કરવો અથવા ખાવું પીવું એ રોજાને તોડે છે. અને કજા પણ લાઝીમ થાય છે. તથા કફ્ફારો પણ લાગુ પડે છે. (જો ભુલથીજ એ કામ થયાં હોય તો રોજો જતો નથી તેનું બયાન થઇ ગયું છે) રોજો તોડવાનો કફ્ફારો આ છે કે એક ગુલામ આઝાદ કરે અને જો તે આઝાદ કરવાની તાકાત ન હોય (એટલે તેટલી કિંમતની તાકાત રાખતો નથી, અથવા તે મુલકમાં ગુલામ મળતો નથી જેમકે આજકાલ હિંદુસ્તાનમાં છે) તો મોત વાતેર (બરાબર એકના પાછળ એક તાર લાગેલો) સાઠ રોજા રાખે એટલે વચમાં કોઇ દીવસ ખાલી જાય નહિ જો કોઇ દિવસ છુટી જશે તો ફરી બધા રોજા શરૂથી રાખવા પડશે. પણ જો ઓરતને હેજ આવશે તો શરૂથી ગણવામાં આવશે નહિ. અને જો રોજાની તાકાત ન હોય તો સાઠ મિસકીનોને બેઉ વખત પેટ ભરી ખાવું ખવડાવે પણ તેમાં શરત એ છે કે જે લોકોને પહેલી વખત ખવડાવ્યું હોય તેઓનેજ બીજી વખત પણ ખવડાવે, જો તેઓના વગર બીજાઓને ખવડાવે તો કફ્ફારો અદા થશે નહિ અને જો એક મિસકીનને બરાબર સાઠ દિવસ

દરેક દિવસે નવા નવા એટલે જુદા જુદા મીસકીનોને ખવડાવવાથી બસ છે.) જો ખાવું પકાવીને ખવડાવે નહિતો સાઠ મીસકીનોને ઇંગ્રેજી તોલથી ૧ાાા પોણાબસેર (૮૦ રૂપીઆ ભારનો શેર ગણુવો.) ઘઉં દરેકને આપે તો પણ કફ્ફારો અદા થઇ જશે. અને જો જવ અથવા ચણા વિગેરે બીજો દાણો દેવા ધારતા હોય તો દરેક મિસકીનને ૩ાા સાડા ત્રણ શેર (૮૦ રૂ. ભારનો શેર) આપવું પડશે. અને જો દરેક મિસકીનને પોણા બશેર ઘઉંની કિંમત આપે તો પણ દુરસ્ત છે. અને જો કોઇ ઓરતે જાણી જોઇને કંઈ ખાઇને અથવા કંઇ પીને રોજો તોડી નાંખે અને પછી તેજ દિવસે હેજ (માસિક) આવે તો કફ્ફારો ઊડી જશે. માત્ર કજા વાજેબ થશે કોઈ માણુસપર રોજો તોડવાથી કફ્ફારો વાજેબ થયો હોય અને પછી તેજ દિવસે બીમાર થઇ ગયા હોય તો કફ્ફારો માથાથી ઊતરી જશે. માત્ર કજા રહેશે. જો મુસાફીર પોતાના વતનમાં પહોંચે અને તેજ દિવસે રોજો તોડી નાંખે તો માત્ર કજા આવશે કફ્ફારો આવશે નહિ. નાબાલેગ (સગીર) છોકરો, છોકરી અથવા ગાંડો માણુસ પોતાના રોજાને તોડી નાંખે તો કફ્ફારો વાજેબ થશે નહિ રમજાન માસ વગર જો કોઇ બીજા કજા અથવા નઝર કફ્ફારા અથવા નફીલ રોજાઓને તોડી નાંખે તો કફ્ફારો વાજેબ થતો નથી માત્ર કજા કરવી પડશે.

જેનાથી રોજો જતો નથી, અને મકરૂહ પણ થતો નથી તેનું બયાન.

દાતણ કરવું, માથાપર અથવા મૂછોપર તેલ લગાડવું, આંખોમાં દવા નાંખવી મકરૂહ નથી. સુરમો લગાડવો મકરૂહ નથી અને સુરમો લગાડી સુવાથી પણ રોજામાં કાંઇ નુકશાન આવતું નથી. કેટલાક લોકો જે રોજામાં સુરમો લગાડવાને અથવા સુરમો લગાડ્યા પછી સૂઇ રહેવાને મકરૂહ સમજે છે એ ભુલ છે. જો શહવતથી અમનમાં હોય એટલે આબીક ન હોય કે ચૂમો લેવાથી ઇનઝાલ (મની ટપકે) થાય અથવા જેમાં (સંભોગમાં) મળી જાય તો ચૂમો લેવો મકરૂહ નથી. ખુસબો સુગંધી મકરૂહ નથી જો ઓરતને પોતાના ધણીના અને નોકરને પોતાના શેઠના ગુસ્સે થવાની બીક હોય તો ખાવાનું નિમક ચાખી થુંકી દેવું દુરસ્ત છે. એમાં રોજો જતો નથી. તેમ મકરૂહ પણ થતો નથી. ગરમી અને તરસના કારણથી નહાવું અને કપડા ભીંજવી બદનપર નાંખવા મકરૂહ નથી (જો કોઇને વહેમ હોય તો ફિકહ તથા હદીસની ભરોસાદાર કિતાબોમાં તથા અબુ દાઉદની રિવાયતમાં જોઇ લેવું)

રોજામાં મકરૂહ છે. પણ રોજો તેઓથી જતો નથી તેનું બયાન.

વગર જરૂરે કોઈ ચીજને ચાખવી અથવા નિમક વિગેરે ચાખીને થુંકી દેવું એવી હાલતમાં ચૂમો લેવો કે ઇનઝાલની બીક હોય અથવા સંભોગ કરવાની બીક હોય. જાણી જોઈને થુંક એકઠું કરી ગળી જવું. સઘળો દિવસ જનાબત એટલે નાહવાની હાજતમાં રહેવું, ફસ ખોલાવવી વધારે પછનાં લગાડવનાં આ બધી ચીજો મકરૂહ છે. પણ રોજો તેનાથી જતો નથી. ગીબત કરવી હરામ છે. અને ગીબતથી રોજો ઘણોજ મકરૂહ થાય છે. રોજામાં વઢવું ઝગડવું લડાઈ ટંટો કરવો ગાળાગાળ કરવી મકરૂહ છે. જો કોઈ આપણુને વઢે અગર કાંઇ પણ આપણુને નાલાયક શબ્દો કહે તો આપણે તેના ઉપર પ્યાર કરી કહેવું કે હું રોજદાર છું માટે મારે વઢવું ન જોઇએ. અથવા તેનાથી પણ કહો કે આ વખત મને રોજો છે. માટે હું તમને જવાબ આપી શકતો નથી. જે માણુસ રોજામાં ગીબત અથવા જુંડા બોલો, જુઠાણું. ફરેબ અને ગાળોને ન મુકે તો ખુદાતાઆલા

ફરમાવે છે કે તેના રોઝાની કાંઇપણ પરવા નથી. એવી વાતોથી રોઝાનો સવાબ (પુન્ય) ઘણોજ ઓછો થાય છે. અને રોઝો કબુલ થતો નથી.

રમઝાનમાં જે કારણોથી રોઝા નહિ રખાય તેનું બયાન.

જો બીમારીના કારણથી રોઝા રાખવાની તાકાત ન હોય તો રમઝાનમાં રોઝા નહિ રાખવા બિમારી દૂર થયા પછી કઝા કરી લેવી જો રોઝો રાખવાથી બિમારી વધી પડવાની બીક હોય તો પણ રોઝો મૂકી દેવો દુરસ્ત છે. જો ઓરત હમલ (ગર્ભ) વાળી હોય અને રોઝો રાખવાથી બાળકને (ગર્ભને) અથવા પોતાના જાનને નુકશાન પહોંચવાનો ડર લાગતો હોય તો રોઝો મૂકી દેવો જાએજ (દુરસ્ત) છે. જો ઓરત પોતાના કે બીજાના બચ્ચાંને દૂધ પીવડાવતી હોય એટલે ધવડાવતી હોય તેને જો જરૂરત જણાય તો તેણે પણ રમઝાનના રોઝા રાખવા નહિ. પછી પાછળથી એ વિષે કઝા કરી લેવી. મુસાફરને (પછી તે સફર બંદગીની હોય કે ગુનાહની હોય) દુરસ્ત છે કે સફરની હાલતમાં રમઝાનના રોઝા રાખે નહિ. સફરથી પાછા ફર્યા બાદ કઝા કરવી. પણ જો કાંઇ તકલિફ તેમ સખ્તાઇ ન હોય તો બહેતર એજ છે કે રમઝાનમાં સફરમાંજ રોઝા રાખી લેવા. જો કોઈ મુસાફિર બપોર અગાઉ પોતાના વતનમાં પાછો આવે અને જો કાંઇ ખાધું પીધું ન હોય તો તેને વાજેબ છે કે રોઝાને પૂરો કરવો. કેમકે સફરનું કારણ હવે બાકી રહ્યું નથી. જો કોઇ મુસાફિરને સફરમાં રોઝા રાખવાથી કાંઈ તકલિફ ન હોય પણ તેના સાથીઓને તેના રોઝાથી તકલિફ થતી હોય તો તેણે રોઝો નહિ રાખવો બહેતર છે. પાછા ફર્યા પછી કઝા કરવી. સફરમાં રોઝા ન રાખવાનો હુકમ ત્યારે છે કે લાગલાગટ ત્રણ દિવસની સફર હોય અને જેનો શુમાર વિદ્વાનોએ ૩૬ કોશ એટલે ૪૮ મૈલનો નિયમ કર્યો છે પછી રેલ્વે મારફતે સફર કરે અથવા બીજી કોઇ સવારીથી કે પગે ચાલતાં મુસાફરી કરતો હોય એટલે જો કોઇ તેજ સવારીપર એટલે ઝડપથી ચાલનારાં વાહણોથી અથવા રેલ્વે વિગેરેમાં ૪૮ મૈલનું અંતર બે ચાર કલાકમાં પણ ચાલ્યો જાય તોપણ મુસાફિરના હુકમમાં ગણાશે. જો કોઇ માણસ એવો બુઢ્ઢો કમજોર હોય કે રોઝો રાખી શકતો નથી તેને પણ રોઝા ન રાખવાનો હુકમ છે. દરેક રોઝાના બદલામાં ૧॥ પોણાબશેર અંગ્રેજી તોલ (૮૦ રૂ. ભારથી) ઘઉં મિસકિનોને આપે અને જો કુદરતી તે કમજોર ડોસામાં એટલી તાકાત આવે કે જેથી તે રોઝા રાખી શકે છે તો જે રોઝા મુકયા છે તેની કઝા લાઝીમ થશે. દરેક રોઝાના બદલામાં જે પોણાબશેર ઘઉં (ફિદિઓ આપો) છે તે બસ થશે નહી (અને જો તે ડોસો કંગાલ છે અને રોઝાનો ફિદિઓ પણ આપી શકતો નથી તેમ તે શકિતવાન થયો નથી અને તે ઉમેદવાર રહ્યો કે શકિતવાન થઇશ તો રોઝા રાખીશ અથવા માલદાર થઇશ તો ફિદિઓ આપીશ. અને તે ઇસ્તેગફાર કરતો રહ્યો મરતાં સુધી તો ઉમેદ છે કે ખુદાપાક તેને બક્ષે અને કયામતમાં તેને પકડ થશે નહિ) જો કોઇ માણસ જબરાઇ કરે. અથવા મારી નાંખવાનો ડર બતાવે (અને તે ડર બતાવનાર પણ તેવોજ હરામી હોય) તો પણ રમઝાનના રોઝા કઝા કરવા દુરસ્ત છે. ઓરતને પોતાના હેજ (માસિક) ના દિવસોમાં પણ રોઝા રાખવા દુરસ્ત નથી. એવીજ રીતે બચ્ચું પેદા થયાં બાદ જે લોહી નીકળે છે (નિફાસ) તે દિવસોમાં પણ રોઝા રાખવા દુરસ્ત નથી. એ બેઉ એવા કારણ છે કે તેમાં જો કોઇ અંજાણથી રોઝા રાખે તો પણ તે અદા થતા નથી. પણ પાક (પવિત્ર) થયા પછી કઝા કરવી જોઇએ. અહીં સુધી તે કારણો બયાન થયાં કે જેનું રમઝાનમાં રોઝા મુકવા દુરસ્ત છે. પણ એ લોકોને એવું જોઇએ નહિ કે બધાના સામે વગર અડચણે ખાતાં

ફરે. પણ રમઝાનની કદર લાઝીમ છે કે એક વખત એકલાપણામાં ખાવા પીવાની જરૂર કરી લે. પછી રોજદારોની પેઠે રોકાઇ રહે જો કોઇ ઓરતને રોજામાં હેજ આવે તો તે દિવસની કઝા વાજેબ થશે, તો પણ સૂર્ય આથમ્યા સુધી તેણે કાંઈ ખાવું પીવું નહિ. એવીજ રીતે જો ખુદાએ ચાહ્યું હોય તો તે દિવસનો પણ રોજાનો સવાબ તેને મલશે. જો કોઇ માણુસ વગર કારણે રમઝાનનો રોઝો રાખે નહિ અને તેના બદલામાં પછીથી તમામ ઉમર સુધી રોઝો રાખે ત્યારે પણ તે સવાબ અને ફઝીલત તેને મળશે નહિ. જે રમઝાનમાંજ મળે છે તે પાછળથી મળતું નથી કઝા રોજા રાખવાથી ફરજ માથેથી ઉતરી જશે.

કઝા રોજા રાખવાના રસ્તાઓ (રીતો.)

જો કોઇ કારણથી રોજા કઝા થયા હોય તો તે કારણ જવાથી તુરતા તુરત તે રોજા અદા કરવા જોઇએ. કેમકે જીંદગીનો કાંઇ ભરોશો નથી કદાચ એકાએક મોત આવી જાય અને ફરજ માથાપર રહી જાય. દાખલા તરીકે બિમારને બિમારથી સારૂં થયા પછી અને મુસાફરને સફરથી પાછા ફર્યા પછી જલદી અદા કરવું જોઇએ. રમઝાનના રોજા જો કઝા થયા હોય તો અખત્યાર છે કે સામટા એકના પાછળ એક રાખે અથવા જુદા જુદા રાખે જો ગઇ રમઝાનના રોજા કોઇ કારણથી કઝા રાખી શકયા નહિ. અને બીજી રમઝાન આવી પડી તો પહેલાં એજ રમઝાનના અદા કરે જે રોજા આગલી રમઝાનના બાકી રહેલા હોય તેને પછીથી અદા કરવા. જો રમઝાનમાં સફર ના કારણથી રોજા રખાયા નહિ. અને સફરથી પાછા ફર્યા અગાઉ મરણ થયું હોય તો કઝા ઊતરી જશે. એવીજ રીતે જો રમઝાનમાં બિમારીના કારણથી રોજા રખાયા નહિ અને સારૂં થયા આગમચ જો મરણ થયું તો તેને પણ કઝા લાગુ પડશે નહિ. કારણ કે એ બેઉ રૂપમાં તેને અદા કરવાને વખતજ મળ્યો નથી જો સફરમાં ૨૦ વીસ રોજા કઝા થયા હોય અને પાછા આવીને માત્ર દશ દિવસજ વતનમાં રહયા હોય તો દશજ દિવસ કઝાના માથા ઉપર રહેશે. એવીજ રીતે જો બિમારીથી હશે તો પણ એજ હુકમ થશે. જો કોઇ માણસપર રોજા કઝા વાજેબ થયા હોય અને અદા કરવાનો વખત પણ તેને મળ્યો હતો તો પણ અદા કર્યા નહિ. અને મરણ થયું તો તેના વારસો તથા સગાંઓએ દરેક રોજાના બદલામાં ૧ાા પોણા બશેર (૮૦ રૂપીઆ ભાર પ્રમાણેનો શેર) ઘઉં અથવા સાડા ત્રણ ૩ાા શેર જવ અથવા ચણા, મકાઇ, જુવાર વિગેરે અનાજ અથવા તેટલા અનાજની કીંમત ફકિરોને તથા મિસકીનોને આપવી ઘટે છે તો ખુદાપાક ચાહશે તો તેના માથાના ચઢેલા રોજા અદા થઇ જશે અને જો તે માણસે માલમતા પણ મુકી ગયો હોય અને પોતાના ચઢેલા રોજાના બદલામાં ફિદિઓ આપવાની વસિયત પણ કરી ગયા હોય તો વારસોના ઉપર તે અદા કરવાનું વાજેબ અને જરૂરી છે.

સિહરી ખાવાનું તથા તેની ફઝીલતનું બ્યાન.

રોજા માટે સિહરીનું ખાવું મોટી સુન્નત તથા ઘણો સવાબ છે. રસુલે મકબુલ (સલ) એ ફરમાવ્યું છે કે સિહરીનું ખાવું તેમાં બરકત છે. પણ કાંઇ એવી જરૂર નથી. કે પેટ ભરીનેજ ખાવું જોઇએ ફકત એક બે કોળીઆ અથવા બે ચાર દાણા અથવા ખારેકના તુકડા પણ ખાશે. એટલુંજ નહિ પણ એક ઘોટ પાણી પીસે તો પણ સુન્નત અદા થશે. એવી સહેલી તથા ફાયદા કારક સુન્નતને કદી પણ મૂકવી ન જોઇએ. એના કારણથી રોજામાં તાકાત અને તસલ્લી રહે છે. અને સુન્નત નબવી (સલ) અદા થવાથી સવાબ બે હદ મળે છે. અરધી રાત થયા પછી જો ખાશે તો સુન્નત અદા થશે. પણ બહેતર તો આજ છે કે રાતના પાછલા ભાગમાં સુબેહ સાદેક

(સોહ ફાટવે) ના વખત જરા અગાઉથી ખાવું જો સિહરી ખાવાને ઉઠયાં અને વહેમ પડયો કે સવાર થઈ ગઇ છે. તો જો વધુ ગુમાન સવાર થવાનો હોય તો સિહરીનું ખાવું જોઇએ નહિ. અને જો રાત હોવાનો વધુ ગુમાન (ધારણા) હોય તો ખાવામાં હરકત નથી પછી જો કોઈ કારણથી જણાય કે જ્યારે સિહરીનું ખાવું ખાધું હતું ત્યારે સવાર થઇ ગઈ હતી એમ જો પાછળથી માલમ પડી આવે તો માત્ર કજા વાજેબ થશે. પણ તે આખો દિવસ ખાવું પીવું જોઇએ નહિ. જો સવાર થવામાં વહેમ પડયો અને કોઇ તરફ વધુ ગુમાન ન થયો તો એવી સુરતમાં બહેતર આ છે કે નહિ ખાવું. પણ જો કદી ખાધું તો રોજો થઇ જશે. પછી જો કોઈ રીતે જણાય કે સવાર થઈ હતી તો સાંજ સુધી બચવું. અને પછી કજા રાખવો વાજેબ છે. જો કોઈ બાંગીએ અથવા મરઘાએ સવાર થયા અગાઉ બાંગ આપી તો સિહરીનું ખાવું મના નથી. જ્યાં સુધી સુબ્હેસાદેક ન થાય (એવીજ રીતે સાંજના સુર્ય આથમ્યો હોય અને બાંગીએ બાંગ દીધી નથી તો પણ રોજો એફ્તાર કરવો મના નથી માત્ર સુર્ય આથમવો જોઇએ) સિહરી પછી જો મોહમાં પાન રાખીને સુએ તો જ્યાં સુધી ગળામાં થુંક પહોંચ્યાની ખાત્રી ન થાય પણ ફક્ત વહેમજ થયો હોય તો રોજામાં નુકશાની આવશે નહિ.

રોજા એફ્ત્યાર [ખોલવા] નું બયાન.

સૂર્ય આથમ્યા પછી રોજા ખોલવામાં વાર લગાડવી જોઇએ નહિ પણ જે દિવસે વાદળાં હોય તે દિવસે કેટલી વાર લગાડવી બહેતર છે. ખજુર અથવા ખારેકથી એફ્ત્યાર કરવું સુન્નત અને સવાબ છે. જો ખારેક ન હોય તો પાણીથી રોજો ખોલવો જોઇએ. રાંધેલી ચીજો (રોટી, ચાવલ, મિઠાઈ વિગેરે) થી રોજો ખોલવામાં કાંઇ રોજાને નડતું નથી. પણ બહેતર આ છે કે કોઇ બીજી ચીજ હોય અને જો ખારેક. પણ હાજર હોય તો ખારેક બધામાં સારી છે. રોજા ખોલવા આગળ આ દુવા પઢવી. (અલ્લાહુમ્માં લક સુમતો વ અલારિજ કેક અફ્તરતો) રોજા ખોલ્યા પછી આ પઢવું. (જહબજજમાઓ વબતલતિલઓરૂકો. વસબતલ અજરો, ઇનિસા અલ્લા હો તઆલા) રોજા ખોલ્યા પછી અને નમાજની પહેલાં કોગળો કરવો. નમાજમાં ખાવાની મજા મોહમાં રાખવી નહિ કોઇને રોજા ખોલવા માટે કંઈ ખાવાનું અથવા ખારેક વિગેરે આપીને રોજા ખોલાવે તો તેને તેટલોજ સવાબ મળે છે. જેટલો સવાબ રોજા રાખનારને મળે છે. જો તમને કોઈ માણસ રોજા ખોલવા માટે કંઈ આપે તો તે લેવું, કેમકે એથી તમારા સવાબમાં કંઈ ખામી થતી નથી. અને તેનેબી સવાબ થાય છે તો આપણે શા માટે કંજુસાઇ કરવી ? પણ રૂશવત ખાનાર અને વ્યાજ ખાનારની આપેલી ચીજોથી રોજા ખોલવા નહિ. અને જો એવા સખસોએ આપેલી ચીજોથી જો રોજા ખોલ્યા તો સવાબ કમ થાય છે માટે બહેતર છે કે એવા સખસોની ચીજથી રોજા ખોલવા નહિ............

" તરાવિહની નમાજનું બયાન "

જો માણસ રમજાનના રોજા રાખે. અને રાતના શકિત પ્રમાણે બંદગી કરે માત્ર ખુદાતઆલાને રાજી કરવા માટે તો તેના બધા આગલા ગુનાહો (પાપ) માફ (મુકત) થશે. રમજાનમાં ઇશાની ફરજ તથા સુન્નત (રાતના આઠ વાગેની નિમાજ) ના પછી વીસ રકાત તરાવિહની નમાજ સુન્નત છે. (મોઅત્તાઇમામ માલિક નામની કિતાબમાં જુઓ.) તે હજરતે (સલ) પણ કેટલાક દિવસ એ પઢી છે. અને પછી હજરત ઉમર (રદી] ના જમાનામાં સહાબાઓએ પણ તરાવિહ

પઢી છે (કેટલાક લોકો જે કહે છે કે તરાવિહની વીસ રકાત બીદઅત છે તે તેઓની ભૂલ છે) તરાવિહથી જમાઅત સુન્નતે કિફાયા છે (એ ખાસ મરદોને માટેજ છે ઓરતોને માટે નથી) એટલે જો બધા મોહલ્લાવાળા જમાતથી પડવાનું મુકી દે અને એકલા એકલાજ જો ઘરમાં પઢે બધા ગુનેહગાર થશે. જો મોહોલ્લાની મસીદમાં જમાત થાય છે પણ એક માણસ એકલો પોતાના ઘરમાં તરાવિહ અલગ જો પઢે તો સુન્નત અદા થશે. પણ ઘણાં મોટા સવાબથી અભાગીઓ રહેશે. આખી રમજાનમાં કુરાને શરીફને એક ખતમ કરવો જરૂરી છે.ત્રણ દિનસથી ઓછી મુદતમાં એક વખત આખા કુરાને શરિફને પુરું કરવું એ તરાવિહમાં ઠીક નથી. જો તરાવિહમાં બે રકાઅતપર બેસવું (કાયદામાં) ભૂલી જાય અને પુરી ચારે રકાત પઢી સલામ ફેરવે તો એચારે રકાતોને બેજ રકાત સમજાશે એ ચાર રકાતમાં ગણાશે નહિ. (પણ સાહેબેનના નઝદીક ચાર રકાતથઇ જશે) જો ઇમામ બેસીને તરાવિહ પઢાવે અને મુકતદી (પાછળ ઉભા રહી નમાઝ પઢનારા) ઉભા રહે તો જાયજ છે જો એક હાફેજ એક મસજીદમાં વીસ રકાત તરાવિહ પઢાવી ચૂકયો હોય અને તેજ હાફેજ બીજી મસજીદમાં જઇને તરાવિહ પઢાવે તો દુરસ્ત છે. પણ એ ઠીક કહેવાય નહિ (કેટલાક વિદ્વાનોના નજદીક એવી રીતે સુન્નત અદા થશે નહિ જુઓ સામી નામની કિતાબમાં) જે માણસની બે ચાર રકાતો રહેલી હોય તે જો ઇમામની સાથે વિતરની નમાજ પઢે અને પછી પોતાની બાકી રહેલી તરાવિહ પઢે તો તે દુરસ્ત છે. જે માણસ વિતરની જમાતમાં બીજી કે ત્રીજી રકાતમાં ભેગો થાય ત્યારે જો ઇમામ દુઆ કનુત પઢે તો તેણે પણ પઢવું. અને ઇમામના પછી જે પોતાની બાકી રહેલી રકાતો પઢે તે તેમાં માત્ર અલહમ્દો અને સૂરા પઢવું. દુઆ કનુત પઢવું નહિ. મજુરી મુકરર કરી હાફેજથી જો તરાવિહમાં કુરાન સંભળાવે તો કોઇને સવાબ મળશે નહિ. નઇમામને ન મુકતદિને (એવીજ રીતે જે હાફેજ તથા ઇમામ બદચલણ શરિઅત વિરૂધ્ધ ચાલનારો હોય તેવાને હંમેશને માટે ઇમામ મુકરર કરવો અથવા તરાવિહ માટે રાખવો એ મકરૂહે તહરિમિ (હરામ કે હરામની પાસે) છે. એ વિષે મસજીદના મુતવલ્લિઓએ ઘણોજ ખ્યાલ રાખવો જોઇએ.) કુરાનને એટલું જલદી પઢવું કે જેથી અક્ષર કટાઇ જાય તો મોટો ગુનો થાય છે. એવા રૂપમાં ઇમામ મુકતદિને કંઇ સવાબ મળતો નથી

એતેકાફનું બયાન.

રમજાનના આખેરના ૧૦ દિનસોમાં એતેકાફ સુન્નત છે. જો તમામ મોહોલ્લા કે બધી વસ્તીમાંથી કોઇ પણ માણસ એતેકાફ ન કરે તો બધાને માથે સુન્નત છોડવાનો વબાલ રહેશે. એતેકાફ તેને કહે છે કે નૈયત કરી મસજીદમાં રહેવું. અને વિના કારણ બિન જરૂરીઆતે બહાર જવું નહિ. પણ ઝાડા પિશાબ તથા ગુસલ અને વોજુ માટે બહાર જવામાં અડચણ નથી. મૂગા રહેવું એ એતેકાફમાં જરૂર જેવું નથી. મકરૂહે [તેહરીમી] છે. પણ નેક કામ કરવું અને બુરી વાતોથી અને લડાઇ ઝગડાઓથી બચવું જોઇએ. એતેકાફમાં કોઇ ખાસ બંદગી કરવી સરત નથી. પણ નમાઝ પઢવી તથા કુરાનની તિલાવત કરવી કે પઢવું, પઢાવવું જે બંદગી દિલ ચ્હાય તે કરવી. એતેકાફ તે મસજીદમાં થઈ શકે છે કે જેમાં પાંચ વખતની જમાતથી થતી હોય. જુમ્માની નમાઝને માટે શુમાર કરી એવા વખતમાં બીજી મસજીદમાં જાય કે જુમ્મા મસજીદમાં જઇ કરી સુન્નતો પઢે, અને ખુદબો સાંભળે. જો કંઇ વધુ વાર પણ લાગે તો એતેકાફમાં કાંઇ નુંકશાન આવશે નહિ. અને જો જુમ્મા મસજીદમાંજ એતેફાક કરે તો ઘણું બહેતર છે. જો વગર જરૂરતે તબીયત તથા શરીઅત [જેમકે ઝાડે પિશાબે ગુસલ વજુ જુમ્માની નમાઝ વિગેરે] થી એક મિનીટ પણ મસજીદની બાહાર જાય તો એતેકાફ જતો રહેશે, પછી

ભૂલથી બહાર નીકળે કે જાણી જોઇને નીકળે તો પણ એતેકાફ તૂટે છે. જો આખરી ૧૦ દિવસનો એતેકાફ કરવો હોય તો તારીખ ૨૦મીના સૂર્ય આથમ્યાથી આગળ મસજીદમાં દાખલ થવું અને ઇદનો ચાંદ દેખાય ત્યારે એતેકાફથી બહાર અવાય.

શબે કદરનું બ્યાન.

કદરની રાત ઘણીજ બુજરૂગીવાળી છે. કેમકે આઉમતની ઊમર ઘણીજ નહાની છે. એટલાજ માટે ખુદા પાકે એક રાત એવી નીમી કે જેમાં બંદગી કરવાનો સવાબ હજાર માસની બંદગીથી પણ વધુ છે. [હજાર માસના ૮૩ વર્ષ ૪ માસ થાય છે] પણ તેને છાની રાખી છે કે લોકો તેની શોધમાં મહેનત કરે અને બેહદ [પુષ્કળ] સવાબ પામે. તમામ રમજાનની રાતોમાં તેને શોધવું જોઇએ. ખાસ કદી આખરી ૧૦ દિવસોમાં અને ૨૧, ૨૩, ૨૫, ૨૭, ૨૯મી રાતોમાં વધુ ભરોશો છે. એટલેજ એ રાતોમાં ઘણીજ મહેનતથી બંદગીમાં સામેલ રહેવું જોઇએ, જો તમામ રાત ઉજાગરો કરવાની શકિત ન હોય અથવા બીમાર થવાની બીક હોય કે પોતાના જરૂરી કામની નુકશાનીનો ખ્યાલ હોય તો જેટલી શકિત હોય તેટલી રાત ઉજાગરો કરી નફિલ નમાઝ પડે અથવા કુરાન પડે અથવા કોઇ જાતની બંદગીઓ કરે કદરની રાતમાં કોઇ ચીજનું દેખાવું જરૂરી નથી. અને જો કદી કોઈ નૂર તથા તજલ્લી જોવામાં આવે તો કંઇ નવાઈ જેવું પણ નથી.

નફિલ રોજાઓ તથા સસાઈદનું બ્યાન.

રમજાન પછી બધાથી બહેતર રોજા મોહરમ માસના પહેલા દાયકાના છે. એટલેજ એ દાહયકામાં જેટલાં રોજા રાખવાની શકિત હોય તેટલા રાખવા. અને જો એમ નહિ તો તારીખ ૯મી ૧૦મીના તો જરૂરજ રાખવા જોઇએ. અને જો માત્ર એક રાખવા માગે તો ૧૦મીનો રાખવો એ રોજાની હદિસોમાં ઘણી બુજરૂગી અને સવાબ આવ્યો છે. જીલહજ એટલે બકરીઈદના માસમાં તારીખ ૧લીથી ૯મી સુધીમાં જેટલા રોજા રાખવાની શકિત હોય તેટલાં રાખવાં અને જો એમ નહિ તો ૯મીના રાખવા સવાલ માસ એટલે રમજાનની ઇદના માસમાં જો ૬ રોજા રાખે તો મોટો સવાબ મળે છે. એ રોજાઓને માત્ર સવાલ માસમાં પૂરા કરવા જોઇએ. એમાં બીજી કોઇ સરત નથી. પછી એક વખત પૂરા ૬ રોજા એક પાછળ એક રાખે કે જુદા જુદા રાખે આપણ જરૂર નથી કે ઇદના બીજા દીવસેજ જરૂર રાખે પણ જ્યારે ચાહે ત્યારે અદા કરે. સવાલ માસમાં જ ૬ રોજા પૂરા થવા જોઇએ એ રોજા ઘણી જગ્યાએ સસાઇદના રોજાઓના નામથી પ્રખ્યાત છે. સાબાન માસમાં ૧૪મી ૧૫મીના નફિલ રોજા રાખવા પણ મોટો સવાબ ધરાવે છે. જો ન રાખી શકે તો માત્ર ૧૫મીનો એક રોજો પણ રાખવો. દરેક ગુરૂવારે તથા સોમવારે રોજો રાખવો પણ સુન્નત છે. અને દરેક માસની તારીખ ૧૩, ૧૪, ૧૫મીના પણ રોજા રાખવા સુન્નત છે. એનેજ ઐયામે બીદના રોજા કહે છે. અને નફિલ રોજા રાખનારાઓ માટે આ ઘણી સારી રીત છે એવી રીતે પુરા માસના રોજાનો સવાબ મળશે, હદીસોમાં એવી રીતે નફીલ રોજા રાખવાને ઘણું પસંદ કર્યું છે. જો ઔરતનો ધણી પાસે હોય તો તેને જોઇએ કે નફિલ રોજા માટે ધણીનો હુકમ લઇ રોજા રાખ્યા કરે.

મકરૂહ તથા હરામ રોજાઓનું બ્યાન.

સાબાનના અર્ધા માસ પછી નફિલ રોજા રાખવા મકરૂહ છે. પણ જો કોઈ પર કજા રોજા હોય તેને પૂરા કરવામાં કઇં પરવા નથી એવીજ રીતે પોતાની આદત પ્રમાણે નફિલ રોજા રાખવા

મકરૂહ નથી દાખલા તરીકે તમે ગુરૂ તથા સોમવારનો રોજો રાખતા હો તો હવે ૧૫મી શાબાન પછી ટેવ પ્રમાણે ગુરૂ અને સોમવારે રોજા રાખવા મકરૂહ નથી. વાદળા વિગેરે કારણથી જે દિવસે રમજાન થવા ન થવાનો શક હોય તો સાધારણ લોકોને રોજો રાખવો જોઇએ નહિ. પણ ૧૦ વાગ્યા સુધી રાહ જોઇ ખાવુ. પીવું જોઇએ. સઘળું વરસ એક પાછળ એક નફિલ રોજા રાખવા પણ મકરૂહ છે. જો ઘણોજ શોખ હોય તો એક દિવસ રોજો રાખે અને એક દિવસે ખોલે. સવ્વાલ માસની તારીખ ૧લી એટલે ઇદના દિવસે રોજો રાખવો હરામ છે. અને જીલ્હજ માસની તારીખ ૧૦મી ૧૧ મી ૧૨મી ૧૩મી એટલે બકરી ઇદના દિવસે અને તે પછી ત્રણ દિવસ સુધી પણ રોજા રાખવા હરામ છે. વરસમાં એજ પાંચે દિવસ છે. જેમાં રોજા હરામ છે. ખુદા વગર બીજા કોઇ નબી, વળી, પીર, મુરશેદ, શહીદ ઇમામ વિગેરેના નામના રોજા રાખવા પણ હરામ છે. ખુદા વગર બંદગીના લાયક કોઇજ નથી.

ફિતરાના સદકાનું બયાન.

ફિતરાનો સદકો તે માણસપર વાજેબ છે કે તેની પાસે પરા સાડીબાવન રૂપીઆ રોકડા કે તેથી વધુ હોય અથવા જણસ ક કોઇ માલ જમીન મીલકત કે વેપારનો માલ પણ ઉપર લખ્યા પ્રમાણે હોય તો વાજેબ થશે. (ફિતરાનો સદકો વાજેબ થવામાં પૂરૂ વર્ષ માલનું રહેવું શરત નથી) પછી જે માણસની મિલકતમાં એટલો માલ હોય કે જેટલો ઉપર બયાન થયો છે. તો તેને પોતા તરફથી તેમ પોતાની નાની ઓલાદ તરફથી પણ ફિતરાનો સદકોપૂરો કરવો જોઇએ. મોટી ઓલાદ તરફથી બાપપર સદકો વાજેબ નથી. પણ જો પોતે તેની મિલકતમાં ઉપર જણાવ્યા પ્રમાણે માલ હોય તો તેઓપર વાંજેબ થશે. અને જો એમ ન હોય તો વાજેબ થશે નહિ. ધણીઆણીનો ફિતરો ધણીપર વાજેબ નથી. પણ આ જમાનામાં મુનાસેબ આ છે કે જો ઓરત પાસે માલ હોવાથી સદકો વાજેબ થયો હોય તો ધણી તેને પૂરો કરે. અને જો ધણી પૂરો ન કરે તો પોતે ઓરતે ફિકર કરવી જોઇએ જો કોઈ પાસે રહેવાનાં મકાન સિવાય વધુ મકાનો તથા દુકાનો હોય તો તેપર પણ ફિતરો વાજેબ છે. જે માણસપર એટલું કરજ હોય કે જો તેને ભરવાનો હિસાબ કરે તો બધો માલ પૂરોથઇ પરા સાડીબાવનરૂપીઆના માલથી પણ ઓછો રહે અથવા કંઇ પણ રહે નહિ તો તેપર ફિતકો વાજેબ થશે નહિ. ફિતરો એક માણસ તરફથી ૧॥ પોણા બશેર અંગ્રેજી તોલ (૮૦ રૂ. ભારનો શેર) થી ઘઉં કે સાડા ત્રણ શેર જવ કે ચણા વિગેરે અનાજ દેવું જોઇએ. (પણ બચાવ માટે બશેર ઘઉં કે ચાર શેર બીજો દાણો આપવો બહેતર છે) જો એટલા અનાજની કિંમત આપે તો પણ દુરસ્ત છે. ફિતરો એવા ગરીબ લોકોપર વહેંચવો કે જે કંગાલ, મોહતાજ હોય. અને જો તમારા દોસ્ત તથા સગાઓમાં કોઇ મોહતાજ હોય તો તેઓ કરતાં વધુ કોઇ હકદાર નથી. ઈમામત કે બાંગીના બદલામાં ફિતરો દેવો દુરસ્ત નથી. ફિતરાની કીંમત મસજીદમાં ખર્ચ કરવી દુરસ્ત નથી. કેટલાક માણસોનો ફિતરો એક મોહતાજને આપવો દુરસ્ત છે. અને એક માણસનો ફિતરો કેટલાક માણસોપર વહેંચવો પણ દુરસ્ત છે. ફિતરો ઇદની નમાઝ પહેલાં અદા કરવો ઘણો સવાબ રાખે છે. જે માણસ ઇદને દિવસે પોહ ફાટવા (સુબોહ સાદેક) થી આગળ મરે તો તેપર ફિતરો વાજેબ થતો નથી. ફિતરો વાજેબ થવા માટે રોજા રાખવા શરત નથી. પણ જેણે ગફલતિથી કે કોઇ કારણથી રોજા રાખ્યા ન હોય તો તે પણ ફિતરો આપે.

"રમજાન તથા ઇદનો ચાંદ જોવાનું બ્યાન."

સુન્નત આ છે કે સાબાન માસનો ચાંદ સારી પેઠે તપાસ કરી તારીખ નક્કી કરી લે કે રમજાનનો ચાંદ જોવામાં સહેલું પડે અને પછી તારીખ ૨૯મીએ સારી રીતે ચાંદ જુએ જો દેખાય તો બીજે દિવસે રોઝા રાખે. અને જો જોવામાં ન આવે તો સાબાનના ત્રીસ દિવસ પૂરા કરે પછી રમજાનના રોઝા શરૂ કરે જો તારીખ ૨૯મીએ વાદળાં વિગેરે હોય તો એક માણુસ પણ જોવાનો એકરાર પછી તે મરદ હોય કે ઓરત હોય અઝાદ હોય કે ગુલામ હોય, તો તેની ગવા (શાક્ષી) કબુલ કરી બીજે દિવસે રોઝો રાખવો જોઇએ. પણ તેમાં આ શરત છે કે ગવા આપનાર મુસલમાન હોય અને ફાસેક બદકાર ન હોય. અને જો વાદળા વિગેરે ન હોય તો ઘણા માણુસોનું (૫૦ માણસો સુધી) જોવું ભરોસાદાર થશે. જેના જોવા અને ખબર આપવા પછી કાંઇ શક વહેમ રહે નહિ, બે ચાર કે એકનો ભરોશો થશે નહિ. રમજાનની ૨૯મી એટલે ઇદના ચાંદના દિવસે જો વાદળાં વિગેરે હોય તો બે મરદ કે એક મરદ અને બે ઓરતો જો એકરાર કરે કે અમે ચાંદ જોયો છે. તો તેઓની સાક્ષીનો ભરોસો કરી ઇદ કરવી જોઇએ. શરત તેજ છે મુસલમાન હોય. અને ફાસેક બદકાર ન હોય. અને જો વાદળાં ન હોય તો એટલાં ટોળાનું જોવું ભરોશાદાર થશે- જેનું બ્યાન કર્યા પછી શક તેમ વહેમ રહે નહિ. અને જો કોઇએ રમજાનનો ચાંદ જોયો અને કોઇ કારણથી તેની સાક્ષી કબુલ થઇ નહિ તો તેણે રોઝો રાખવો જોઇએ. જો ઇદનો ચાંદ જોયો અને સાક્ષી તેની કબુલ થઇ નહિ. તો તેણે ઇદ કરવી દુરસ્ત નથી- એ પણ રોઝો રાખે અને બધાની સાથે ઇદ કરે જો રમજાન ૩૦મીએ નક્કી જણાયું કે ગઇ કાલે ચાંદ થયો હતો. આજે ઇદ છે તો રોઝો ખોલવો જોઇએ સાંજના ખબર આવે તો પણ રોઝો ખોલવો જોઇએ કેમકે ઇદનો રોઝો રાખવો હરામ છે. જો એવો વખત જણાય કે લોકો ઇદની નમાઝ માટે એકઠા થઇ શકે છે. તો તેજ દિવસે નમાઝ પઢે અને જો એટલો વખત ન હોય તો બીજે દિવસે નમાઝ પૂરી કરે મસલો અચંબા ભર્યો આ છે કે એક માણુસે રમજાનનો ચાંદ જોયો શાક્ષી તેની કોઇ કારણસર કબુલ થઇ નહી. પણ તેણે શરીયતના કાયદા પ્રમાણે રોઝો રાખ્યો. અને બધા લોકોના રમજાન એક દિવસ પછી શરૂ થઇ ધીમે ધીમે તેના ૩૦ રોઝા થયા અને બધાના ૨૯ થયા છે. અને ચાંદ જોવામાં આવ્યો નહિ તો હવે તેને જોઇએ કે બીજે દિવસે પણ રોઝો એવીજ રીતે ૩૧ એકત્રીસ રોઝા રાખે અને સઘળાઓની સાથે ઇદ કરે.

ઇદનું તથા નમાઝનું બ્યાન.

ખુશબો મળી શકે તો લગાડવું, (સવારમાં જલદી ઉઠીને દાતણ ગુસલ કરી સારાં કપડાં પહેરી કાંઈ મીઠી ચીજ ખાઇને ઇદગા તરફ ચાલતાં ચાલતાં જવું અને રસ્તામાં ધીમે ધીમે તકબીર કહેતાં (રમજાનની ઇદ હોય તો) ચાલવું. અને જો બકરી ઇદ હોય તો જોરથી તકબીર કહેતાં કહેતાં ચાલવું. અને બકરી ઇદ હોય તો નમાઝ પઢી ખાવું. નમાઝના પહેલાં ફિતરો પૂરો કરવો. નમાઝ માટે જલદી ઈદગાહમાં જવું જે રસ્તાથી ઈદગાહમાં જાય તે રસ્તો મુકી બીજા રસ્તાપરથી પાછું આવવું. ઇદના દિવસે જેટલી ખેરાત તેમ સદકો કરવાની શકિત હોય તેટલો કરવો. અને ગરીબોની ખબર લેવી મોહતાજોને મદદ કરવી, (અને બેઉ ઇદોની) નમાઝની સહેલી રીત આ છે કે જ્યારે કે ઇમામ (નમાઝ માટે ઉભો રહે ત્યારે તમે પણ ઉભા રહો- જબાનથી કે દીલથી આ નીયત કરો કે ઇદની નમાઝ ૬ તકબીરો સાથે ખુદા માટે ઈમામના પાછળ પઢું છું. પહેલી વખત

અલ્લાહો અકબર સાંભળી તમે પણ અલ્લાહો અકબર કહી હાથ બાંધીસના (સુબહાનકલ્લાહુમ) પઢો ત્રણ વખત અલ્લાહોઅકબર કેહી કાન સુધી હાથ ઉઠાવી બાંધો અને જેની રીતે હંમેશાં નમાઝમાં રહો તેમજ રહો. બીજી રકાતમાં જ્યારે ઇમામ સુરા પુરી કરી અલ્લાહો અકબર કહે તે વેળા તમે પણ હાથ ઉઠાવી અલ્લાહો અકબર કહી મુકી દો. બીજી અને ત્રીજી વખત પણ એવીજ રીતે કરો ચોથી વાર અલ્લાહો અકબર કહી રૂકુમાં જઇ બાકી નમાઝ દસ્તુર પ્રમાણે પુરી કરો ખુદબો સાંભળી પાછા ફરી આવી ખુદા તાઆલાનું શુકર કરો કે જેની તોફિકથી બંદગી પુરી થઇ આમીન.

સમાપ્ત.

કશફુલ ગશવહ અન વજહિરરિશવહ.

અથવા,

રૂશવતના પડદાનું ખોલવું,

ખુદાના નામથી જે મોટો મહેરબાન રહેમ કરતા.

સર્વ સ્તુતિ અલ્લાહ તઆલા માટે અને દરૂદ રસુલુલ્લાહ (સલ્) ને તેમ આલ અને અસ્હાબો માટે છે એ પછી આ કિતાબ કશફુલ ગશવહ અન વજહિરિશવહને મારા ઉસ્તાદ મૌલાના ફતેહ મોહંમદ થાનવી (રહ) સાહેબના કહેવાથી મે લખી છે.

(૧) રિવાયત ખાદેમીની તરીકતીલ મોહંમદીયાની શરહના ચોથા પુસ્તકમાં ફતાવાઝનીયાથી હેય લોગતીલ જેઅલેથી શરૂ છે. અને (૨) રિવાયત શામીયાની કિતાબુલ અદબીલ કાજીમાં અલ અસલોરી ઝાલેક માશીલ બુખારીથી શરૂ છે. અને (૩) રિવાયત શામીયામાં વ જાહેરો કૌલુહુ નાશેયતો અનીલ ઈમામથી શરૂ છે અને (૪) રિવાયત શામીયામાં ફતહથી સુંમર રૂશવતો અરબઅતો અકશામીનથી શરૂ છે. (૫) રિવાયત દુરરે મુખતારના કિતાબુલ હજરે વલ એબાહતમાં લાબાશા બીર-રીશવતેથી શરૂ છે.

આ ઉપલી બધી રિવાયતો અરબી લખાણમાં છે. તેનું લખવું સાધારણ લોકો માટે બીન જરૂરત અને લંબાણના કારણથી અહીંયાં જરૂરતુ નથી. માત્ર તેનો ખુલાસો સમજવા માટે જે લખેલો છે. તે લખું છું અને જો કોઇને તેની જરૂર હોયતો અસલ કિતાબમાં જોઈ લેવું

(૧) રિવાયતમાં જે મઝકુર વચનો છે. તેઓ બધાથી આ જણાયું કે રૂશવતની કેટલીક જાતીઓ છે. (૧) તે છે કે જે કોઈ વાજેબ કામના બદલામાં લે. જેમકે હાકીમ કોઇ મઝલુમ (જેનાપર જુલમ થયો હોય) થી લે કે હું તને હક આપાવીશ (૨) તે કે કોઇ હરામ કામના બદલામાં લે જેમકે હાકીમ કોઇ જાલિમ (જુલમ કરનાર) થી લે કે હું તને જીતાડીશ (૩) તે છે કે કોઈ એવા મુબાહ કામ માટે લે કે જેપર મજુરીનું ઠેરવવું એવા કારણસર શરીયતથી દુરસ્ત ન હોય કે તે જગ્યાએ હકીકતમાં તે કામના બદલામાં મજુરી ન હોય જેમકે કોઇ હાજતમંદની નોકરી વગેરેની ભલામણ કરવી પછી ખાતરીથી આ છે કે એ કામના બદલામાં મજુરી નથી કેમકે જો એજ કામને બીજો માણસ કરે જે કે આબરૂદાર ન હોય અને તેની ભલામણથી કામ

ન થાય તો તદન એવાને એટલો બદલો ન અપાશે. આથી જણાયું કે એ બદલો આબરૂનાં બદલામાં છે અને આબરૂ શરીયતમાં કોઇ વસ્તુ મુતકવવિમ (કીંમતદાર) મજુરીના લાયક નથી. [૪] તે છે કે જે એવા મુબાહ કામના બદલામાં લે કે જેપર ખુદ મજુરીનું દેવું મુકસુદ છે પણ તે કામ એવું વગર મહેનતનું કે જેપર મજુરીનું થવું શરીયતમાં આવ્યું નથી. જેમકે વઇદથી કેઇ દવાની હકીકત પુછી અને તેણે બતલાવી એટલા માટે હિદાયા કિફાયા (નામની કિતાબ) માં ઝાડોનીં મજુરીને કપડાં સુકાવવા માટે નાજાયજ કહયું છે. [૫] જો હમણાં કોઇ કામના બદલામાં નહોય પણ હુકુમતના કારણથી હોય તો તેમાં પણ એ કારણ છે.

એક આ કે આબરૂના બદલામાં છે. બીજુ આ કે આગલ જતાં તેનાથી મદદની ઉમેદ છે જે કે વાજેબ હશે કે હરામ એ પાંચેવ જાતીઓમાં મુસનરીક અમરનો બદલો લેવો. ગેર મુતકવવિમ (વગર કીંમતવું) છે કેમકે બંદગી તથા ગુનોહ અને આબરૂ ગેરમુતકવવીમ છે અને એજ બીના પર બીજી જાતીઓ છે. અને એનેજ રૂશવતની હદ કહી શકીએ છે અને એજ કાયદામાં દાખલ થયું શેફા [પડોસીપણાનું] ના હકકના બદલામાં કંઇ રૂપીઆ વગેરેનું લેવું કે એ હક પણ ગેર મુતકવવીમ છે મજલુમની મદદના બદલામાં લેવું કે બંદગી ગેરમુતકવવીમ છે અને જાલીમની મદદના બદલામાં લેવું કે ગુનોહ ગેરમુતકવવીમ છે જેમાં વકીલ લોકો ઘણા સપડાયલા છે અને દીકરીના બદલામાં લેવું કે ઓલાદ ગેરમુતકવવિમ છે. અથવા કુરઆનના પઢવાના બદલામાં લેવું. બંદગી ગેરમુતકવવિમ છે. અને (કુરઆન) શીખાડવું એથી અલગ છે.

(૨) રિવાયતથી પહેલી રિવાયતની ચોથી જાતીની રૂશવત થવાની વધારે સાબેતી થાય છે અને આ પણ જણાયું કે રૂશવત ખાસ માલ લેવાનીજ સાથે નથી બલકે દબાણથી કરજ લેવું. કોઈ વસ્તુને માગી લેવું. કોઇ ચીજને સરતા ભાવથી ખરીદ કરવું એ બધુ રૂશવતમાં દાખલ છે અને આ પણ જણાયું કે જો રૂશવત દેનાર જણાય નથી તો તેને પાછું લઇ મિસકિનોને દઇ દેવું જેમકે હજરત ઉમર (રદી) એ બૈતુલ માલ (ઇસલામી ત્રીજોરી) માં એજ ગરજથી દાખલ કર્યું હતું.

(૩) રિવાયતથી જણાયું કે જે સરકારી નોકર ન હોય પણ તેનાથી નફો નુકશાન લોકોને પહોંચતો હોય તો તેનું લેવું પણ રૂશવત છે. તેનું કારણ આજ છે કે હકક કરવું તેને માથે વાજેબ છે અને નાહકક કરવું હરામ છે અને એ એઉના બદલામાં લેવું રૂશવત છે. જેમકે પહેલી રિવાયતના બયાનમાં ગયું છે.

(૪) રિવાયતથી જણાયું કે રૂશવત દેનાર હકક વાતપર હોય અને તે જાણે છે કે મારૂં હકક વગર રૂશવત આપે ન મલશે. તો રૂશવત દેવાથી એ ગુનેહગાર ન થશે. પણ લેનાર ગુનેહગાર થશે અને આ પણ જણાયું કે જો રૂશવત દેનાર જણાય તો તે માલ રૂશવતનો તેને પાછો અપાવાય અને એ લેનાર તેનો માલેક થતો નથી અને એ રિવાયતની ત્રીજી જાતીથી વકીલોની આમદાનીનું દુરસ્ત ન થવું પણ જણાય છે. અને તેનું કારણ આ છે કે બાતલની મદદ કરવી હરામ છે અને હકકની મદદ કરવી વાજેબ છે. અને હરામ તથા વાજેબના બદલામાં લેવું રૂશવત છે અને એજ રિવાયતથી તેના દુરસ્ત થવાનો હિલ્લો પણ જણાયો કે દરાવની તારીખોમાં વકીલ તે મુતવકકીલ (અસીલ) ની નોકરી કરી લે પછી નોકરીની રીતે તેનું એ કામ પણ કરી દે પણ તે મુતવકકીલ તેનાથી બીજું કામ પણ લઈ શકે છે. પછી જો પોતાની ખુશીથી ન લે તો તેની મરજી જેમકે તરીકએ મોહમદીયાની શરહમાં કાજીખાનથી એ હિલામાં આ ખુલાશો કીધો છે. (પછી કામ લેનાર

: લે તેની પાસે તે સિવાય બીજું) અને એ રિવાયતની પહેલી જાતની રૂશવત થવાનું કારણ આ છે કે લાએક માણસને હાકિમ બનાવવું વાજેબ છે અને નાલાએકને હરામ (એવીજ રીતે વકફ, મસજીદ વગેરેના ફંડના મુતવલ્લીઓનો હુકમ છે) અને એ બેઉના બદલામાં કંઈ લેવું રૂશવત છે.

(૫) રિવાયતથી જણાયું કે કેટલાક છાપાવાળા અમીરોથી એટલા માટે કાંઈ લે છે કે અમે તમારી કંઇ બુરાઈ લખીએ નહિ. એ પણ રૂશવત તેમ હરામ છે એવીજ રીતે કેટલી કોમોમાં નં દીકરીપર કંઈ લે છે એ પણ હરામ છે એનું કારણ જાહેર છે કે જો નિકાહ થઈ ચુકયા તો વહ કરવું વાજેબ છે વાજેબપર લેવું હરામ છે અને જો નિકાહ ન થયા હોય તો તે એવો મુબાહ હુકમ છે કે જેનાપર મજુરી દુરસ્ત નથી અને એવા મુબાહપર લેવાનું રૂશવત થવું પહેલી રિવાયતમાં મયકુર થઇ ગયું છે. એ રિવયતોથી રૂશવતની જાતીઓ તેમ દરેક જાતની હરામ પણાંની દલીલો અને કાયદાઓ અને તે કાયદાઓથી તેની શાખાઓ અને તે શાખાઓના હુકમ અને કોઈ શાખામાં એક કારણ હરામપણાનું થવું કોઇમાં વધારેનું થવું એ બધા કામો ખુલાસાવાર બયાન થયાં એનાથી બીજા મસલાઓના હુકમ પણ જરા વિચાર કરવાથી જણાઇ શકે છે.

રૂશવત માટે સખ્તાઇ રૂશવતનું હરામપણું કુરઆન અને હદિસ તેમ ઈજમા એ બધાથી સાબેત છે (ખુદાએ કહ્યું ન ખાવ તમે આપસમાં તમારા માલોને ના જાએજ રીતેથી) અને હદિસમાં છે (હજરતે) (સલ) લાનત ફરમાવી છે. (રૂશવત દેનાર તેમ લેનાર માટે) અબુદાઉદ તિરમેજી અને ફરમાવ્યું (રૂશવત આપનાર તેમ લેનાર જહનમમાં જશે) અને ફરમાવ્યું (લાનત કરી રૂશવત દેનાર અને લેનાર તેમ એ બેઉમાં વાત કરનારને) બઝાર. અહમદ તિબરાની. આ છેવટની હદિસથી આપણને જણાયું કે રૂશવતનો દલાલ પણ દેનાર લેનારના જેમ ગુનાહમાં બરાબર હોય છે અને આ ઇજમાં જાહેર છે અને આ લખાણ છેવટનું છે અને અલ્લાહ વધારે જાણકાર છે અને ઇલમ તેનો પુરો તેમ મજબુત છે. **લી० મોહંમદ અશરફઅલી થાનવી અરધા જમાદીઉલઅવ્વલ માસની જોહર અને અસરની વચમાં ૧૩૨૨ હિજરી.**

સમાપ્ત

આ પુસ્તક મળવાનું ઠેકાણું.

શેઠ મી० ફાજલ નુરમહમદ થાણાવાળા.

ભાવનગરી મહોલ્લો, જકરીયા મસજીદ રોડ—મુંબઈ.